# અખબારની નજરે


જાહેર અભિનંદન
સંજેલી તાલુકામાં શ્રેષ્ઠ શિક્ષક બનવા બદલ
ઘટાડી ગામ તેમજ મોલી ગ્રૂપ ગ્રામ પંચાયતનું
ગૌરવ વધારવા બદલ (૧) શ્રી મોહનભાઇ
હીરસીંગભાઇ સંગાડા (૨) શ્રી મુકેશભાઇ
મનસુખભાઇ નિનામા શિક્ષકશ્રીઓને
મોલી ગ્રૂપ ગ્રામ પંચાયતના ગ્રામજનો અને
સરપંચશ્રી તરફથી ખૂબ ખૂબ અભિનંદન
સહ હાર્દિક શુભેચ્છા
શ્રી મોહનભાઇ
એચ. સંગાડા
શ્રી મુકેશભાઇ
પ્રવિણભાઇ નારૂભાઇ ડામોર
સદસ્યશ્રી
ગ્રૂપ ગ્રામ પંચાયત મોલી, તા. સંજેલી

લાંબીકૂદમાં તાલુકામાં
પ્રથમ (પેપરકટીંગ)

# હાલોલ તાલુકાના તલાવડી ખાતે બાળ રમતોત્સવની ઉજવણી કરાઈ

હાલોલ, તા.૬

પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાનો બાળ રમતોત્સવ તલાવડી ગામે સ્કુલના મેદાનમાં તા. ૫ના રોજ યોજાયો હતો. આ બાળ રમતોત્સવમાં શાળાના ૨૫૦ જેટલા શિક્ષકો સહીત હાલોલ તાલુકાની ૨૬ સી.આર.સી.માંથી અંદાજીત ૯૮૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ રમતોત્સવમાં કબડ્ડી, ખો-ખો, ૧૦૦ મીટ દોડ, ગોળાફેંક, યોગાસન જેવી રમતો રમાડવામાં આવી હતી.

કબડ્ડીમાં ભાઈઓમાં દુનીયા પ્રાથમિક શાળા તથા બહેનોમાં વરસડા પ્રા. શાળા વિજેતા બની હતી. જ્યારે ખો- ખોમાં ભાઈઓમાં કંસારાવાવ પ્રા. શાળા તથા બહેનોમાં વાંકડીયા પ્રા. શાળા ટીમ વિજેતા બની હતી. ૧૦૦ મીટર દોડમાં સચીન પરમાર ઢીકવા પ્રા. શાળા અને પિન્ટુબેન પરમાર ગંભીરપુરા પ્રા. શાળા વિજેતા બન્યા હતા. ગોળા ફેંકમાં રામ એન.ડી. ગાયત્રીનગર પ્રા. શાળા અને પ્રેમીલાબેન રાઠવા વાઝિયાઆંબા પ્રા. શાળા વિજેતા બન્યા હતા. યોગાસનમાં દિપક બારીયા અરાદ પ્રા. શાળા અને સ્વેતા ગોસ્વામી વિજેતા બનેલ હતા. લાંબીકુદ જયેશ નાયક અરાદ પ્રા. શાળા અને સુમીત્રાબેન નાયક નવા કુવા પ્રા. શાળાના વિદ્યાર્થી વિજેતા બનેલ.

શિક્ષકોમાં ૧૦૦ મીટર દોડમાં નિલેશભાઈ વસાવા વારફળિયા પ્રા. શાળા અને બહેનોમાં નીરૂબેન પટેલ કણજરી કુમાર શાળા વિજેતા બન્યા હતા. ગોળા ફેંકમાં બીજેશ પટેલ વાંઝીયાઆંબા જ્યોતીબેન પટેલ વીરોજ પ્રા. શાળા વિજેતા બનેલ યોગાસનમાં રાજુભાઈ રાઠવા વાઘબોડ પ્રા. શાળા અને નીરૂબેન પટેલ કણજરી કુમાર શાળા લાંબીકુદમાં મુકેશ નિનામા ઈન્દ્રાલ પ્રા. શાળા અને ચક્રફેંકમાં જ્યોતિબેન પટેલ વીટોજ પ્રા. શાળાના શિક્ષક વિજેતા બન્યા હતા.

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 27-03-2021

# ટોયફેરમાં નેશનલ કક્ષાએ ખારાપાણી પ્રાથમિક શાળાના શિક્ષકના રમકડાંની પસંદગી



સંજેલી તાલુકાના ઈટાડી ગામના વતની અને ખારાપાણી પ્રાથમિક શાળા તા:ઝાલોદ જી:દાહોદ માં ફરજ બજાવતા શિક્ષક શ્રી મુકેશભાઈ મનસુખભાઇ નિનામાએ ટોયફેરમાં બનાવેલ રેલગાડીની પસંદગી નેશનલ કક્ષાએ થતા તેમને ગૃપ ગ્રામ પંચાયત મોલીના સરપંચ શ્રી પ્રવીણભાઈ નારસીંગભાઇ ડામોર અને ઇટાડી ગામના તેમજ મોલી પંચાયતના ગ્રામજનો તરફથી અભિનંદન.

ઉત્તરોઉત્તર પ્રગતિ કરી ગામનું તેમજ જિલ્લાનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.